હાસ્ય

*ઠંડી સામે ગરમ મિજાજથી ન લડાઇ, ગરમ કપડાથી લડવું પડે નહિતર લડનારા જ ઠંડા પડી જાય. પણ ઘણા લોકો ઠંડીમાં પણ ઓછા વસ્ત્રો પહેરી યા પાતળા વસ્ત્રો પહેરી બીજા સામે છાતી કાઢતા હોય કે આપણને આટલી ઠંડીથી તો કાંઇ ન થાય. તેમની બૂરી વલે જોવા ખાનગીમાં જવું પડે. ઠંડી સામે લડવામાં અનેક દેશો પણ પાછા પડી જતા હોય છે. ખૂબ ઠંડીના કારણે આપણા પડોશી દેશનાં દુ:શ્મનો પણ સરહદ બહાર ટાઢા થઇને બેસી રહે છે. ઠંડી સામે છાતી કાઢવી સહેલી તો નથી જ.*

# ઠંડી સામે ખુલ્લી છાતીએ લડનારા !

ન ઓલવામાં નવગાણુ

નટવર પંડયા



ઠંડી સામે ઠંડુ યુદ્ધ (કોલ્ડ વોર) લડનારા ઘણા જોયા છે. પણ આરપારની લડાઇ લડનારા બહુ ઓછા છે. ઠંડીના નામ માત્રથી કેટલાકના હાંજા ગગડી જાય છે. ઠંડી સામે બાથ ભીડવાની તે લોકોમાં લેશમાત્ર હિંમત હોતી નથી. ઠંડીનો સામનો કરવામાં આપણે ત્યાં ત્રણ પ્રકારના લોકો જોવા મળે છે. (૧) ઠંડી સામે શરણાગતિ સ્વિકારી લેનારા (૨) ઠંડી સામે ઠંડુ યુદ્ધ લડનારા (૩) ઠંડીનો ખુલ્લી છાતીએ સામનો કરનારા.

કોઇ પણ ક્ષેત્રમાં શરણાગતિ સ્વિકારી લેનારને લોકો માનની નજરે જોતાં નથી. તેથી જ કુરુક્ષેત્ર મધ્યે એટલે કે અહિં શેરીના નાકા પર કે ગામના ચોકમાં ઠંડી સામે હથિયાર હેઠા મૂકી દેનાર માનવી લોકોની નજરમાંથી થોડો ઊતરી જાય છે. જો કે તેને ય ઠંડી સામે લડવા માટે પ્રોત્સાહન આપનારા કૃષ્ણસ્વરૂપ કલાકારો હોય છે. જો કે તેમણે ઠંડીથી બચવા એટલા બધાં ગરમ વસ્ત્રો-ઉપવસ્ત્રો ચડાવ્યા હોય છે કે તેઓ વામન હોવા છતાં વિરાટ સ્વરૂપ ભાસે છે. આવા લોકો તરફથી ભરપૂર પ્રોત્સાહન મળવાં છતાં ઠંડી સામે શરણાગતિ સ્વિકારી લેનારા માને છે કે હાંજા ગગડાવી દેતી ઠંડીમાં સાવ ઊકલી જવું એના કરતાં લોકોની નજરમાંથી ઊતરી જવું સસ્તું પડે. એટલે તેઓ જાહેર જનતા જોગ નિવેદન કરી નાખે છે કે આપણાથી ઠંડી સહન ન થાય. જરાક ઠંડી પડે ત્યાં હું સ્વેટર, ટોપી, ધાબળો ઓઢી લઉં ને વધારે ઠંડી પડે તો ઘર બહાર પણ ન નીકળું. ત્યારે તેની બાજુમાં ઊભેલો ત્રીજા પ્રકારનો સભ્ય એટલે કે ઠંડીનો ખુલ્લી છાતીએ સામનો કરનાર જવાંમર્દ કડકડતી ઠંડીમાં મનોમન ઊકળી ઊઠે છે, 'ફટ્ સાલા લબાડ! જરાક ઠંડી પડે ત્યાં ઘરમાંથી બહાર નીકળતો નથી, જે ખુલ્લી છાતીએ ઠંડીનો સામનો નથી કરી શકતો તે દેશને ખાતર ખુલ્લી છાતીએ ગોળી શું ખાવાનો?! એમનું જીવન તો ડૉકટરની ગોળીઓમાં જ સમાપ્ત થશે.' આમ છતાં શરણાગતિવાળા તો જરાય દંભ વિના જાહેરામાં સોગંદનામું કરી નાખતાં હોય છે કે આપણાથી તો ભૈ જરાય ઠંડી સહન ન થાય.

આ સિવાયનો બીજો વર્ગ ઠંડી સામે ઠંડુ યુદ્ધ ખેલતો હોય છે. આ વર્ગ જરા દંભી છે. તે પણ ઠંડીતી ડરે છે. ધ્રુજે છે. છતાં પોતે ઠંડીથી ડરતાં નથી અને શરણાગતિ તો સાત ભવમાંય ન સ્વિકારે એવું નિવેદન કરતાં રહે છે. આમ છતાં તેઓ ઠંડીનો ખુલ્લી છાતીએ સામનો કરતાં નથી. તેમણે પણ સ્વેટર, મફલર, ટોપી, ધાબળા વગેરે વીંટ્યા હોય છે. તેમને ખ્યાલ હોય છે કે પોતે 'ઠંડીથી ડરતાં નથી' એવું જાહેર જનતા જોગ નિવેદન કરે છે એટલે લોકો પ્રશ્ન તો કરશે જ કે આ અડધો ડામચિયો ખડકીને નીકળ્યા છો એનું શું? એટલે તેઓ પાણી પહેલા પાળ બાંધે છે એ રીતે પ્રશ્ન પહેલાં જ ઉત્તર આપી દે છે કે આ તો જરા શરદી-ફરદી ન થાય એટલાં પૂરતું. બાકી આપણે તો કાંઇ ન પહેરીએ તો પણ ચાલે. આમ છતાં તેઓ આખા શિયાળા દરમિયાન ફક્ત પેન્ટ-શર્ટ કે ગંજી-ચડ્ડામાં જોવા મળે નહિ. ઠંડીથી બચવા તેમણે કવચ-કુંડળ તો ચડાવેલા હોય જ. આમ તેઓ ક્વચ-કુંડળ પહેરીને જ યુદ્ધ લડે છે. 'આટલી ઠંડી તો સામાન્ય કહેવાય' એવું તેઓ વારંવાર કહે છે અને તે સામાન્ય ઠંડીમાં તેઓ અસામાન્ય લબાચા ધારણ કરીને નીકળ્યા હોય છે અને ઠંડી સામે તેઓ ઠંડા કલેજે શાબ્દિક યુદ્ધ કરતાં હોય છે. જેમ બીજા વિશ્વયુદ્ધ પછી દુનિયામાં એકબીજાનું વર્ચસ્વ વધતું અટકાવવા અમેરિકા અને રશિયા જેવી મહાસત્તાઓ કાવતરાં-પેતરાં રચતી રહી તેને ઠંડુ યુદ્ધ એટલે કે કોલ્ડવોર કહેવામાં આવ્યું. એ જ રીતે ઠંડી સામે ઠંડુ યુદ્ધ લડનારા અંદરથી થરથરતાં હોય છે પણ બહારથી ગરમ!

જ્યારે ત્રીજો વર્ગ સાવ અંતિમ ધ્રુવ પર છે. તેઓ ઠંડીનો સામનો ખુલ્લી છાતીએ કરે છે. પછી છાતીનું ભલે થાવું હોય તે થાય. આનો અર્થ એવો નથી કે તેઓને ઠંડી લાગતી જ નથી. તેમને ય અન્ય લોકો જેવી જ ઠંડી લાગે છે. પણ આવી કડકડતી ઠંડી તેમના માટે સુવર્ણ તક હોય છે, એક પડકાર હોય છે. અલબત્ત, કારણ વગરનો. જેમ ઇન્દ્ર મહારાજે અર્જુન માટે ક્વચ-કુંડળ માગ્યા અને મહારથી-દાનેશ્વરી કર્ણે જે સરળતાથી ક્વચ-કુંડળ ઊતારીને આપી દીધા તેમ આ વર્ગના લોકો ઠંડીમાં જ સ્વેટર, ટોપી, જરશી જેવા વસ્ત્રો કોઇએ ન માગ્યા હોવા છતાં હિમવર્ષા થાય ત્યારે હિંમતપૂર્વક ઊતારીને 'હમસે બઢકર કૌન'નું એલાન કરે છે. આવા પરાક્રમો ઠંડીમાં જ થઇ શકે. વૈશાખના કાળઝાળ તડકામાં જો કોઇ વીર લોકપ્રિયતા પ્રાપ્ત કરવા સલમાન સ્વરૂપે એટલે કે અધખુલ્લા શરીરે ભરબપોરે નીકળે તો લોકો તેને વીર નહિ પણ અક્કલનો ઓથમીર કહે છે. જો કે અક્કલમઠ્ઠા પણ વીર હોઇ શકે. પણ તેઓ વીરતાં પાણીની જેમ વાપરે છે.

વળી, ઠંડીનો સામી છાતીએ કે ખુલ્લી છાતીએ (જે ફાવે તે) સામનો કરનારાએ ઘર બહાર તો નીકળવું જ પડે. નહિ તો 'જંગલ મેં મોર નાચા કિસને દેખા!' કારણ કે તેઓ ઘરમાં કદાચ બમ્યુર્ડો અને ગંજી પહેરીને સાવજની જેમ આંટા મારે તો ય કદર થવાની નથી. પત્ની પણ (જો હોય તો) પ્રોત્સાહન આપતી નથી. નહિ તો પ્રોત્સાહન તો મફત છે. જો કે પત્નીને એવો ડર પણ હોય છે કે તેમને પ્રોત્સાહન આપવાથી તેઓ ઉત્સાહના માર્યા છેક દિગંબર સ્વરૂપ સુધી જાય તો! એટલે ઘેરબેઠાં જ ઠંડી સામે વીરતાં બતાવનારને પ્રશંસાના પુષ્પોથી વધાવવામાં આવતાં નથી. ઊલ્ટાની પત્ની ડાંટે કે જરા સ્વેટર, ટોપી પહેરો. બીમાર પડશો તો અમને ઊભા પગે રાખશો. વળી, માતાપિતા પણ પત્નીના સૂરમાં મિલે સૂર મેરા તુમ્હારા કરે. તેથી આવા યોધ્ધાઓને થાય કે અહિં આપણી કદર થશે નહિ. તેથી જગવિખ્યાત સિતારવાદક પંડિત શ્રી રવિ શંકરજી (એક જ 'શ્રી'વાળા) કંઇક આવી લાગણી સાથે ભારત છોડી ગયા. તેમ આવા યોદ્ધા પણ ગૃહત્યાગ (ખંડ સમયનો) કરવા પ્રેરાય છે અને કડકડતી ઠંડીમાં ઘર છોડી જાય છે અને એ જ ગંજી-બમ્યુડાની અવસ્થામાં જ 'અરે દિવાનો મુઝે પહેચાનો'ની અદા સાથે ચોકમાં કે ગલીના નાકે વટથી ઊભા રહે છે. અંદરથી ભલે ધ્રુજતાં હોય પણ મનોમન મુસ્કુરાતાં હોય કે અહિંથી નીકળતો એક એક પુરુષ પોતાને ઠંડી સામે આરપારની લડાઇ લડતો જોઇને લઘુતાગ્રંથિ અનુભવતો હશે અને યુવતીઓ?! વાત જ જવા દો. જો આ જમાનામાં વરમાળા લઇને નીકળતી હોત તો જરૂર પહેરાવીને જ જતે. વરમાળાની વાત જવા દો પણ આજે ય એમનાં મુખમાંથી શબ્દો સરી પડતાં હશે કે વાહ! આવી કડકડતી ઠંડીમાં માણસો પોતાના શરીરનો એક અંશ પણ ખુલ્લો રહેવા દેતાં નથી. જ્યારે આણે તો સાઇઠ ટકા શરીર જાહેર જનતાના લાભાર્થે ખુલ્લું મૂક્યું છે. ધન્ય એને! ધન્ય એની જનેતાને!' અને આમ થવું જ જોઇએ. ધૂપસળી જેમ જાતે સળગીને આપણને સુગંધ અર્પે છે. એમ આ યુવાન (કે આધેડ જે હોય તે વીર તો બધા જ સરખા.) ગાત્રો થીજાવતી ઠંડીમાં જાતે ઠરીને આપણને ઠંડી સામે લડવાની પ્રેરણા આપી રહ્યો છે. ત્યારે તેને શબ્દોથી વધાવવો જ જોઇએ. પણ આ રીતે પરમાર્થ કાજ જેણે દેહ ધારણ કર્યો છે. (અને દેહત્યાગ પણ કદાચ એ કારણે જ થઇ જાય.) તેની કદર કરવાનું ચૂકી જાય છે. એને બદલે ઠંડી સામે ગરમ વસ્ત્રો પહેરી 'જાતને સાચવવાની સલાહો' વારંવાર આપીને યુવાપેઢીને ભીરુ બનાવી દેનાર વડીલોની લોકો પ્રશંસા કરે છે. ઠંડીથી શરીરને આમ સાચવવું ને તેમ સાચવવું, અમુક-તમુક પ્રકારના વસ્ત્રો પહેરવા, કાન-નાક અને છાતી સાચવવા જેવા વિષયો પર હિમવર્ષાની જેમ છાપામાં લેખવર્ષા કરી તેઓ પોતાની લેખન વાસના સંતોષતા રહે છે. પણ તેમને ખબર નથી કે કડકડતી ઠંડીમાં કંઇક કરી બતાવવા મથી રહેલી યુવાપેઢીને તેઓ કેટલું નુકસાન કરી રહ્યા છે. યુવાન જેવો યુવાન ઠંડીના એક ચમકારાથી ભયનો માર્યો રજાઇ-ગોદડામાં છુપાઇ જાય એવા યુવાનને જોઇને આપણા મનમાંથી આપોઆપ પેલો ફિલ્મી ડાયલોગ બોલાઇ જાય, 'તુમ સે યે ઉમ્મીદ નહિ થી, પપ્પુ.' વળી, તેમાં એવું પણ નથી કહી શકાતું કે 'આઇંદા અપના મુહ મુઝે મત દિખાના.'

તેથી જ તેનસિંગ-હિલેરીથી માંડીને અતુલ કરવલ સુધીના એવરેસ્ટ વિજેતાઓમાં આપણું નામ નથી. તેની પાછળ એક કારણ આ પણ છે. આપણને બાળપણથી જ ખુલ્લી છાતીએ કે સામી છાતીએ ઠંડીનો સામનો કરવાનું શીખવવામાં આવતું નથી. તેથી જ આપણા યુવાનો એવરેસ્ટ તો ઠીક અગાશીમાં પણ સૂવાની હિંમત કરતાં નથી. તેથી જ ઠંડી સામે શરણાગતિ સ્વિકારનારા, ઠંડી સામે ઠંડુ યુદ્ધ ખેલનારા અને આપણે સૌએ ઠંડી સામે ખુલ્લી છાતીએ લડનારાઓને પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. પ્રોત્સાહન પણ મફત છે. આ લખનાર એવું દ્રઢપણે માને છે કે ઠંડી સામે ખુલ્લી છાતીએ લડનારો જીવનની કોઇ પણ પરિસ્થિતિમાં જરાય ઠંડો પડ્યા વગર તેનો ખુલ્લી છાતીએ સામનો કરી શકશે.